

સ્વચ્છતા અભિયાનમાં સનદી અધિકારી - ગાંધીનગર ખાતે આરંભાયેલ સ્વચ્છ ભારત અભિયાનમાં સનદી અધિકારીઓ પણ જોડાયા હતા. સેક્ટર-૧૧ના વાણિજ્ય સંકુલ વિસ્તારોમાં કે જ્યાં મહત્તમ ગંદકીના ઢગ ખડકાયેલા છે ત્યાં ગુજરાત સરકારના ઉદ્યોગ વિભાગના અધિક મુખ્ય સચિવ શ્રી ડી. જે. પાંડિયનના નેતૃત્વમાં બાળકો અને યુવાનોએ સમગ્ર સંકુલની આસપાસ સફાઈની કામગીરી કરી હતી. બાળકો સાથે બાળક અને યુવાનો સાથે યુવાન બનીને અભિયાનમાં જોડાયેલા ડી. જે. પાંડિયનની વેપારીઓએ પ્રસંશા કરી હતી.

# નિકાલ હેઠળના મકાનો બે મહીનામાં તોડી નંખાશે

## સરકારે આખરે મંજુરી આપી દેતા તંત્ર દ્વારા કામ હાથ ધરાશે

ગાંધીનગર, તા.૬

શહેરમાં નિકાલ હેઠળના મકાનોના મામલાનો આખરે નિકાલ આવ્યો છે. અલબત્ત અગાઉ આ મકાનો તોડી પાડવાનો નિર્ણય લેવાયા બાદ હવે નિકાલના મકાનો તોડવા સરકાર કક્ષાએથી આદેશ કરી દેવાયો છે. બે મહીનામાં નિકાલ હેઠળના ભયજનક મકાનો તોડવાનું કામ પૂર્ણ કરી દેવાશે.

શહેરના સેકટરમાં સ્થિત જુદી જુદી કક્ષાના સરકારી આવાસો પૈકી ૧૯૦૪ મકાનો વર્ષ ૨૦૦૫માં નિકાલ હેઠળના જાહેર કરવામાં આવ્યા હતા જયારે નિકાલ હેઠળના આ મકાનોનો નિકાલ કેવી રીતે કરવો તે અંગે લાંબા સમયથી કોઈ નીતિ વિષયક નિર્ણય ન લેવાતા નિકાલ હેઠળના મકાનો ભયજનક હાલતમાં હોવાનું સ્પષ્ટ થયું છે. અગાઉ નિકાલ હેઠળના મકાનો સંદર્ભે તંત્રના ઉચ્ચ અધિકારીઓએ પ્રેઝન્ટેશન રજુ કર્યું હતું. જેના અંતે નિકાલ હેઠળના આ જોખમી આવાસો તોડી પાડવાનો નિર્ણય લેવાયો હતો. નિકાલ હેઠળના આ બ્લોક ભયજનક હાલતમાં હોવાથી તંત્રના અધિકારીઓ માટે શિરદર્દ સમાન પુરવાર થયા છે. જો કે સરકાર કક્ષાએથી આ મકાનો તોડી પાડવા તંત્રને મંજુરી આપી દેવાતા હવે ટૂંકમાં જ મકાનો તોડવાનું કામ શરુ કરી દેવાશે હાલ સેકટરોમાં સ્થિત આ આવાસોમાં કોઈનો વસવાટ નથી. સૂત્રોના જણાવ્યા અનુસાર નિકાલ હેઠળના મકાનો તોડવા સરકાર કક્ષાએથી લીલી ઝંડી આપી દેવાતા તંત્ર દ્વારા ટેન્ડર પ્રકીયા હાથ ધરવામાં આવી છે. જેના અંતે આગામી બે મહીનામાં તબક્કાવાર તમામ મકાનો તોડી પાડવામાં આવશે.

# ગાંધીનગર ટ્રાફિક પોલીસે વાહનચાલકો પાસેથી ૫.૩૩ લાખનો દંડ વસુલ્યો

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર જિલ્લા ટ્રાફિક પોલીસે કાયદાનુંપાલન ન કરનાર વાહન ચાલકો સામે કડક પગલા ભરવા ખાસ ટ્રાફિક ઝુંબેશ હાથ ધરી હતી અને શહેરભરમાં ગત માસ દરમિયાન અસંખ્ય વાહનચાલકોને દંડ કરી રૂ. ૫.૩૩ લાખનો દંડ વસુલ્યો હતો. પોલીસની કાર્યવાહી સામે વાહનચાલકોમાં ફફડાટ જોવા મળ્યો હતો.


પ્રાપ્ત માહિતી અનુસાર ગાંધીનગર શહેર વાહન ચાલકો દરરોજ બેફામ વાહન હંકારી ખુલ્લેઆમ ટ્રાફિકના નિયમોનું ઉલ્લંઘન કરી રહ્યા છે. ત્યારે આવા વાહનચાલકો સામે ગાંધીનગર જિલ્લા ટ્રાફિક પોલીસે લાલ આંખ કરી વાહનચાલકો સામે કાર્યવાહી કરી હતી. છેલ્લા એક માસ દરમિયાન શહેરમાં ટ્રાફિક પોલીસે વિવિધ સ્થળોએ ટ્રાફિક ઝુંબેશ હાથ ધરી હતી અને હેલમેટ વગર, કાર પર કાળી ફિલ્મ પટ્ટી, લાયસન્સ વગર, તેમજ જરૂરી અન્ય દસ્તાવેજો વગર વાહન હંકારતા વાહનચાલકોને સ્થળ પર જ દંડ કરી દંડ રૂ. ૫.૩૩ લાખનો દંડ વસુલ્યો હતો. જ્યારે ૨૭૩ જેટલા ટુ વ્હીલર અને ફોર વ્હીલર વાહનોને ડીટેઈન કર્યા હતા. પોલીસની આ કાર્યવાહી સામે વાહનચાલકોમાં ફફડાટ જોવા મળ્યો હતો.

# કલ્ચરલ ફોરમની મહાઆરતી ફેસબુક પર છવાઈ ગઈ

## મહાઆરતીની તસવીર ફેસબુક પર ખૂબ શેર થઈ રહી છે : વિદેશોમાં ત્રીસ હજાર જેટલા લોકોએ ઓનલાઈન લાઈવ ગરબા માણ્યાં

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગરમાં નવરાત્રી એ ખૂબ જ લોકપ્રિય તહેવાર છે. આ એક માત્ર તહેવાર એવો છે જેમાં ગાંધીનગરમાં બહારથી લોકો તેને માણવા માટે આવે છે. ગાંધીનગરની નવરાત્રીમાં કલ્ચરલ ફોરમ દ્વારા આયોજિત નવરાત્રી મહોત્સવ ખૂબ જ લોકપ્રિયતા મેળવી ચૂક્યો છે. અને તેમાં પણ



આઠમના દિવસો કલ્ચરલ ફોરમના ગરબા ગ્રાઉન્ડમાં કરવામાં આવતી 'મહાઆરતી' સોશ્યલ મીડીયામાં ખૂબ જ લોકપ્રિય થવા પામી છે. આ મહાઆરતી દરમ્યાન સર્જવામાં આવેલ ગણેશજીની પ્રતિકૃતિ વાળી તસવીર આજકાલ ફેસબુક અને ટ્વીટર ઉપરાંત વોટ્સએપ જેવા સોશ્યલ મીડીયાના માધ્યમમાં ખુબ જ શેર કરવામાં આવી રહી છે.

કલ્ચરલ ફોરમના ગરબામાં આ વર્ષે ખૂબ મોટુ માનવ મહેરામણ ઉમટી પડ્યું હતું અને આ ગરબાને વેબસાઈટ દ્વારા ઈન્ટરનેટના માધ્યમથી વિશ્વના અનેક દેશોમાં લાઈવ ટેલિકાસ્ટ પણ કરવામાં આવ્યા હતા. આ લાઈવ ગરબાને વિદેશમાં લગભગ ત્રીસ હજાર લોકોએ નિહાળ્યા હતા જેમાં સૌથી વધુ વ્યુરશીપ અમેરિકામાં મળી હતી. ત્યારબાદ બીજા સ્થાને યુકે અને ત્રીજા સ્થાને ઓસ્ટ્રેલિયાનો આ ગરબા નિહાળવામાં નંબર આવે છે. કલ્ચરલ ફોરમની વેબસાઈટને પણ નોરતામાં ૬૩૦૦ થી વધુની વ્યુઅરશીપ મળી હતી. હાલ તો આ ગરબામાં યોજાયેલ મહાઆરતીની ગણેશજીની પ્રતિકૃતિ વાળી તસવીર સોશ્યલ મીડીયામાં ખાસ કરીને ફેસબુક ઉપર અસંખ્ય લાઈક મેળવી રહી છે અને તેને વધુ ને વધુ શેર કરવામાં આવી રહી છે.

# શરદપૂર્ણિમાની ઉજવણીથી આજની રઢીયાળી રાત ખીલી ઉઠશે

## પૂનમનો ચાંદલીયો સોળે કળાએ દીપી ઉઠશે, દુધ પૌંઆ આરોગવાની મજા લેવાશે

ગાંધીનગર, તા.૬

'આસો માસો શરદપૂનમની રાત જો...
ચાંદલીયો ઉગ્યો રે...'

આસો માસની છેલ્લી તિથિ એટલે શરદપૂર્ણિમા. પવિત્ર હિંદુ તહેવારોમાં શરદપૂર્ણિમાનું પણ આગવું સ્થાન રહેલું છે. શરદપૂર્ણિમાનો ચાંદ સોળે કળાએ આજની રાતે ઝગમગી ઉઠશે અને પૂર્ણિમાની ઉજવણીથી આજની રઢીયાળી રાત શ્વેત વસ્ત્રોના આભુષણો થકી ખીલી ઉઠશે. શીતળ કીરણો થકી તૈયાર થયેલા દૂધ-પૌંઆ આરોગવાની મજા પણ સૌ કોઈ આજની રાતે મેળવી લેશે.

શરદપૂર્ણિમાને માણેકકાળી પૂનમ તેમજ કોજાધરી વ્રતની પૂનમ તરીકે પણ ઉજવવામાં આવે છે. તિથિઓમાં અસમંજસની સ્થિતિ વચ્ચે ભરતભાઈ કે. શાસ્ત્રીએ ભાર પૂર્વક જણાવ્યું છે કે મંગળવાર સમી સાંજે ૭.૩૦ વાગે પૂનમની શરૂઆત થાય છે જે બુધવાર ચાર વાગ્યા સુધી રહે છે. આમ શરદપૂનમનો ચાંદ આજે મંગળવારની રાત્રીએ પૂર્ણ રીતે દેખાશે. તેમજ પૂનમનો ચાંદલીયો આજે રાત્રે સોળે કળાએ ખીલી ઉઠશે.

ગાંધીનગર શહેરમાં પણ નગરજનો દ્વારા શરદપૂનમની ઉજવણી માટે તડામાર તૈયારીઓ કરાઈ છે. પૂનમની રઢીયાળી રાત્રીએ ચંદ્રમાના તેજ અજવાળામાં રાસ-ગરબા તેમજ રમત ગમતોના પણ આયોજન થાય છે. તેમાંય વળી દુધ-પૌંઆ એ આ રાત્રીની ખાસ માંગ હોય છે. સર્વે લોકો દુધ પૌંઆ આરોગી પુનમની યાદગીરી તાજી કરતાં હોય છે. મકાનના ધાબે કે છત ઉપર દુધ પૌંઆ મિશ્રણ કરી આ પૌષ્ટિક વાનગી તૈયાર કરાતી હોય છે. જે આરોગ્ય માટે લાભપ્રદ હોય છે જેને તબીબોએ પણ સમર્થન પુરું પાડયુંછે. આમ શરદપૂર્ણિમા મંગળવાર એટલે કે આજે રાત્રે જ છે અને સૌ કોઈ આ પવિત્ર તહેવારની રંગે ચંગે ઉજવણી કરશે.

# મંત્રીઓ પ્રચારાર્થે જતાં સચિવાલય સુમસામ

ગાંધીનગર, તા. ૬

રાજ્ય મંત્રીમંડળના મોટા ભાગના મંત્રીઓ મહારાષ્ટ્રમાં ચૂંટણી પ્રચારમાં વ્યસ્ત હોઈ સચિવાલય મંત્રીઓ વિહોણું બન્યું છે.

સચિવાલય સાથે સંકળાયેલ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ મહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણી માટે ચૂંટણી પ્રચારની જવાબદારી ગુજરાત સરકારના મંત્રીઓને સોંપવામાં આવી છે.

આથી રાજ્યના મોટા ભાગના મંત્રીઓને મહારાષ્ટ્ર ચૂંટણી પ્રચારની જવાબદારી સોંપવામાં આવતાં મંત્રીઓએ ચૂંટણી પ્રચાર માટે મહારાષ્ટ્રમાં ધામા નાંખ્યા છે.

સરકારી કચેરીઓમાં સળંગ ચાર દિવસની રજાઓના કારણે મીની વેકેશન પડવા પામ્યું હતું. આ રજાઓ પુરી થતાં આવતીકાલથી સરકારી કચેરીઓ પુનઃ ધમધમતી થશે. જો કે રાજ્યમંત્રી મંડળના મોટાભાગના મંત્રીઓ ચૂંટણી પ્રચારાર્થે મહારાષ્ટ્રના પ્રવાસે ગયા હોઈ સચિવાલયમાં મંત્રી કાર્યાલયો મંત્રી વિહોણા બનતાં હજુ પણ રજા જેવો જ માહોલ સચિવાલયમાં જોવા મળશે.



(તસવીર : કશ્યપ નિમાવત)

છુંદણા - ભારતીય સમાજમાં છુંદણાની પરંપરા યુગોથી ચાલે છે... ૧૮મી સદીથી લઈ ૨૧મી સદી સુધી હજુ પણ છુંદાણા મુકાવાનો મહિમા યથાવત રહ્યો છે... આજકાલ ટેટુ છુંદણાનું સ્થાન લઈ રહ્યું છે પરંતુ હજુ પણ છુંદણાનું મહત્વ ઓછુ નથી થયું... નામ, ચિત્ર, ગામનું નામ, ઉપનામ, ગુરૂનું નામ આવા અનેક પ્રકારના લખાણોવાળા છુંદણા ગ્રામીણ વિસ્તારોમાં વ્યાપક પ્રમાણમાં ચિત્રાવાય છે... જોકે શહેરી વિસ્તારમાં કંઈક જુદા પ્રકારના છુંદણા મુકાવાનો રિવાજ છે... નવરાત્રિ - દિવાળીના પર્વોમાં છુંદણા અને ટેટુ માટે ઉત્સાહ જન્મે છે... આમ તો છુંદણા માટે કોઈ ખાસ મેળાની રાહ જોવાતી હોય છે... મેળામાં છુંદણા છુંદી આપનારા વ્યાપક પ્રમાણમાં જોવા મળતાં હોય છે... પરંતુ આજકાલ ગાંધીનગરના માર્ગો પર પણ આ પરંપરા જાળવનાર છુંદણા મુકનાર કલાકાર જોવા મળી રહ્યા છે... આધુનિકતાની સામે હજુ પણ પરંપરાગત છુંદણા ટકી રહ્યા છે...

# એસ.ટી. સરકારી મંડળીના કૌભાંડમાં આરોપીના આગોતરા જામીન નામંજૂર

## કરોડોની ઉચાપતમાં મંડળીના ચેરમેન, મેનેજર અને ક્લાર્કની ધરપકડ નિશ્ચિત મનાઈ રહી છે

ગાંધીનગર, તા. ૬

એસ.ટી. ડેપોમાં કાર્યરત જિલ્લા એસ.ટી. કામદારોની ધિરાણ અને સહકારી મંડળીમાં રૂ. ૩.૪૨ કરોડનું આર્થિક કૌભાંડ પ્રકાશમાં આવ્યા બાદ મંડળીની મેનેજર, ચેરમેન તેમજ ક્લાર્ક સામે પોલીસ ફરિયાદ દાખલ કરવામાં આવી છે. જ્યારે આ પ્રકારમાં આરોપી નવલસિંહ રાણાની આગોતરા જામીન અરજી કોર્ટે ફગાવી દીધી છે. ત્યારે હવે આરોપીઓની ધરપકડ પણ નિશ્ચિત મનાઈ રહી છે.

ગાંધીનગર એસ.ટી. ડેપોની સહકારી મંડળીના કૌભાંડમાં ઓડીટનો અહેવાલ આવી ગયા બાદ પોલીસકક્ષાએથી કોઈ કારણોસર ફરિયાદ નોંધવામાં આવતી ન હોવાનુ પણ ધ્યાને આવ્યું હતું. જ્યારે જિલ્લા રજીસ્ટ્રારની દરમિયાનગીરીના અંતે સ્થાનિક પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ હતી. પોલીસ તપાસ દરમિયાન આ પ્રકારના આરોપીઓની ધરપકડ કરવા પણ ચક્રો ગતિમાન કરવામાં આવ્યા છે.

જિલ્લા એસ.ટી. કામદારોની ધિરાણ અને સહકારી મંડળીમાં મસ મોટુ આર્થિક કૌભાંડ એક વર્ષ અગાઉ બહાર આવ્યું હતું. જેના લીધે સભ્યોમાં પણ નારાજગી સાથે આક્રોશ પ્રવર્ત્યો હતો. જ્યારે જિલ્લા રજીસ્ટ્રાર ઉર્વશીબેન બ્રહ્મભટ્ટ મંડળીના હીસાબો અને ઓડીટરના અહેવાલના આધારે મંડળીના ચેરમેન, મેનેજર અને ક્લાર્ક સામે પોલીસ ફરિયાદ દાખલ કરાવવા હરકતમાં આવતા આ મામલે સે. ૭ માં પોલીસ ફરિયાદ દાખલ કરવામાં આવી હતી. જેમાં મંડળીના મેનેજર પ્રકાશ બાલાસરા, ચેરમેન નવલસિંહ રાણા અને ક્લાર્ક ભીમાભાઈ પટેલને આરોપી દર્શાવાયા છે. જેમાં આરોપીઓએ મંડળીના હીસાબમાં ચેકચાક કરી ખોટા પુરાવાઓ ઉભા કરી અંગત ઉપયોગ માટે આર્થિક ઉચાપત કરી હોવાનો ઉલ્લેખ કરાયો છે. આરોપીઓ પૈકી નવલસિંહ રાણાએ આગોતરા જામીન મેળવવા અરજી કરી હતી જે કોર્ટે નામંજૂર કરી છે, જ્યારે આરોપીઓની ધરપકડ હવે નિશ્ચિત મનાઈ રહી છે.



કમનસીબ તસવીર - દેશભરમાં અને ગાંધીનગરના ખૂણે ખૂણે સ્વચ્છતા અભિયાન ચાલી રહ્યું છે... મુખ્યમંત્રીથી લઈ સામાન્યમાં સામાન્ય કર્મચારી અધિકારી સ્વચ્છતા અભિયાનમાં જોડાયા છે... ક્યાંક આચાર થયો છે, ક્યાંક આચરણ થયું છે... ક્યાંક વિચારને વંદન થયા છે... તો ક્યાંક વિચારને વધાવાયો છે... પરંતુ હજુ ગાંધીનગરના એવા કેટલાય ખૂણા છે કે જ્યાં કચરાના ઢગલા યથાવત છે... એમાંની આ એક તસવીર આપણને સૌને ચિંતા કરાવે છે કે, હજુ સુધી સ્વચ્છ ભારતનો સંદેશ અહીં સુધી પહોંચ્યો નથી... માત્ર સરકાર નહીં પણ સમાજની પણ એટલી જ મહત્વની જવાબદારી છે કે ગંદકી થાય નહી અને કરાય નહીં... ગાંધીનગર જેવા હરિયાળા નગરમાં જ્યાં સરકાર આખેઆખી બિરાજમાન છે. જ્યાંનો સમાજ ૧૦૦ ટકા શિક્ષિત છે... જવાબદાર નાગરિકોની મોટી ફોજ છે ત્યાં પણ જો આવી તસવીર લેવાની તક મળતી હોય તો કમનસીબી તસવીરની અને આપણી સૌની છે...

# એક જ વિષય પરત્વેના પરિપત્રો સંકલિત કરી પરિપત્ર પ્રસિધ્ધ કરવા વિભાગોને તાકીદ

ગાંધીનગર, તા.૬

એક વિષય પરત્વેના પરિપત્રો ઠરાવો સંકલિત કરવાની કામગીરી હજુ પણ પુરી કરવામાં ન આવતાં વિભાગોને આ કામગીરી સત્વરે પુરી કરવા કડક તાકીદ કરવામાં આવી છે.

તાજેતરમાં જ ઉચ્ચ અધિકારીઓની મળેલી એક બેઠકમાં રાજયના મુખ્ય સચિવે એવું જણાવ્યું હતું કે રાજય સરકારના જુદા જુદા વિભાગો દ્વારા કરવામાં આવતા જુદા જુદા પરિપત્રો ઠરાવોમાં એક જ વિષય પરત્વે ઘણાં બધા પરિપત્રો ઠરાવો હોવાનું સરકારના ધ્યાન પર આવવા પામ્યું છે.

આથી સંબંધિત વિભાગો આવા પરિપત્રો ઠરાવો સંકલિત કરીને એક જ વિષય પરત્વે એક સંકલિત પરિપત્ર ઠરાવ સત્વરે પ્રસિધ્ધ કરવા તમામ વિભાગોને સૂચનાઓ આપવામાં આવી હતી.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ આ સંદર્ભે તાજેતરમાં ઉચ્ચ અધિકારીઓની એક સમીક્ષા બેઠક મળી હતી. જેમાં સમીક્ષા દરમિયાન એવું ધ્યાન પર આવ્યું હતું કે હજુ પણ કેટલાક વિભાગો દ્વારા એક જ વિષય પરત્વેના પરિપત્ર ઠરાવ સંકલિત કરીને એક જ પરિપત્ર ઠરાવ કરીને પ્રસિધ્ધ કરવાની કામગીરી પૂરી કરવામાં આવી નથી.

આથી આ બાબતની ગંભીર નોંધ લઈને સરકારે સંબંધિત વિભાગોને સત્વરે આ કામગીરી હાથ ધરીને એક જ વિષય પરત્વેના પરિપત્ર ઠરાવ સંકલિત કરીને પરિપત્ર ઠરાવ પ્રસિધ્ધ કરવા માટેની કડક સૂચનાઓ આપવામાં આવી છે.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ આ બેઠકમાં આ બાબત ઉપરાંત જાહેર જનતાની વિટંબણાઓ ઓછી થાય તે માટે જયાં સોગંદનામાના સ્થાને ડીકલેરેશન અથવા તો અરજદારનું પ્રમાણપત્ર ચાલી શકે તેમ હોય ત્યાં સોગંદનામું જરુરી નહી ગણવા અંગેની યોગ્ય કાર્યવાહી હાથ ધરવા પણ સૂચના આપવામાં આવી છે.

## ગુજરાત ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ બોર્ડ

બ્લોક નં.૧૮, ૮મો અને ૯મો માળ, ઉદ્યોગ ભવન, ગાંધીનગર

### જાહેરાત

અત્રેના બોર્ડનું એસ્ટીમ વાહન નં. જીજે-૧૮-એ-૨૮૭૯ (સીએનજી) મોડલ જુલાઈ - ૧૯૯૯ જે હાલતમાં છે તે હાલતમાં વેચવાનું છે. વાહનની તળિયાની કિંમત રૂ. ૪૦,૦૦૦ નિયત કરવામાં આવેલ છે. રસ ધરાવતી વ્યક્તિઓ તેઓના ભાવ સીલબંધ કવરમાં ઉપરોક્ત સરનામે જાહેરાત પ્રસિદ્ધ થયાના દિન-૭ની અંદર મોકલી આપવાના રહેશે. આ વાહન રૂબરૂ જોવા માટે ઉપરોક્ત કચેરી ખાતે (જાહેર રજાના દિવસો સિવાય) સીનીયર મેનેજર (એડમીન)નો સંપર્ક કરવો. કોઈપણ ભાવ સ્વીકારવાની કે તમામ ભાવો રદ કરવાની સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રીની રહેશે.

મુખ્ય કારોબારી અધિકારી

LED, LCD & Colour TV
રીપેરીંગ
સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ
બ્લોક નં. ૩૧૬, ડબલ ડેકર, ચંદ્ર ફોટો સ્ટુડિયોની લાઈનમાં, બીજા માળે, સેક્ટર-૨૪, ગાંધીનગર
ફોન : ૨૩૨૮૭૧૧૫
મો. : ૯૭૧૪૧ ૯૮૩૬૬,
મો. : ૯૪૨૬૨ ૭૦૪૮૧

ADITYA BIRLA GROUP
લીકેજ-મુક્ત ઘરો માટે
UltraTech SEAL & DRY
Total Waterproofing Solution
Waterproofing ka champion
શ્રી સ્વામીનારાયણ એન્ટરપ્રાઈસીસ
એસ-૬, બીજો માળ, અપના બજાર, સેક્ટર-૬, ગાંધીનગર
કોલ કરો : ૯૯૨૫૦ ૩૯૬૭૨, ૭૬૯૮૬ ૮૮૮૧૧.
મકાનના ૧૦૦% વોટર પ્રુફીંગ કામ માટે મળો.

SANGHI CEMENT
KisaN
ashirvad C. PVC, UPVC
VINAYAK 500 TMT BARS - ISI
BENELAVE BATH FITTINGS
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com